સરકારી કુમાર છાત્રાલયમાં પ્રવેશ
માટેની આવકમર્યાદા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: સમછ/૧૦૧૮/૨૭૪૫૭૦/૧૧૫૨/ગ
સચિવાલય, ગાંધીનગર
તા.03/03/૨૦૨૦

**વંચાણમાં લીધા:**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૨/૦૮/૦૪નો ઠરાવ ક્રમાંક: સપછ-૧૫૨૦૦૪-૧૭૪૫-ગ

(૨) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૦૧/૦૭/૨૦૧૯નો પત્ર ક્રમાંક: અજાક-ગ-૧-૪-૧૯-૨૦-૯૬૮૬

**આ મુ ખ :**

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) સામેના વિભાગના તા.૧૨/૦૮/૦૪ના ઠરાવથી રાજ્યના અનુસૂચિત જાતિ માટેના સરકારી કુમાર છાત્રાલયોમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પ્રવેશ માટેની આવકમર્યાદા ભારત સરકારની શિષ્યવૃત્તિની આવકમર્યાદા રૂ.૧.00 લાખ મુજબ રૂ.૧.00 લાખ રાખવાનું ઠરાવેલ હતું. ત્યારબાદ વંચાણે લીધેલ ક્રમાંક: (૨) સામેના નિયામકશ્રી(અજાક)ના તા.૦૧/૦૭/૧૯ના પત્રથી ભારત સરકારશ્રીની અનુસૂચિત જાતિ માટેની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની આવકમર્યાદામાં વધારો થઇ રૂ.૨.૫૦ લાખ થયેલ હોવાથી તે મુજબ સરકારી કુમાર છાત્રાલયોમાં પ્રવેશ માટેની મહત્તમ આવકમર્યાદામાં વધારો કરવા દરખાસ્ત કરેલ હતી જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠ રા વ :**

પુખ્ત વિચારણાને અંતે ભારત સરકારની અનુસૂચિત જાતિ માટેની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિની વાર્ષિક આવકમર્યાદાના ધોરણો સાથે એકસૂત્રતા જળવાઇ રહે અને અસંતોષ ન રહે તેમજ અનુસૂચિત જાતિના મોટાભાગના વિદ્યાર્થીઓ ખાલી રહેતી સરકારી કુમાર છાત્રાલયોની જગ્યાનો લાભ લઇ શકે તે હેતુથી સરકારી કુમાર છાત્રાલયોમાં પ્રવેશ માટેની મહત્તમ વાર્ષિક આવકમર્યાદા ભારત સરકારશ્રીની અનુસૂચિત જાતિ માટેની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની

આવકમર્યાદા રૂ.૨.૫૦ લાખ જેટલી એટલે કે મહત્તમ વાર્ષિક આવકમર્યાદા રૂ.૨.૫૦ લાખ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

વિભાગના તા.૧૨/૦૮/૦૪ના ઠરાવ ક્રમાંક: સપછ-૧૫૨૦૦૪-૧૭૪૫-ગ ની અન્ય શરતો યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૧૭/૦૨/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુ પટેલ)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી,
  અનુસૂચિત જાતિ કલ્યાણ,
  ડો.જીવરાજ મહેતા ભવન,
  ગાંધીનગર.

નકલ રવાના:

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઇલ-૨૦૨૦